# સાણંદમાં ખેડૂતોની રેલી હિંસક બની

## લાઠીચાર્જ અને ટીયરગેસના સેલ છોડાતા સ્થિતિ ખુબ જ તંગ બની : પોલીસ દ્વારા લાઠીચાર્જ : પાણી ન મળવાને લઇને ખેડૂતોએ રેલી યોજી હતી અને મોરચો માંડ્યો હતો ખેડૂતોની રેલી વેળા પોલીસ સાથે સંઘર્ષ : ખેડૂત સમુદાયમાં નારાજગી ફેલાઈ

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે ખેડૂતોએ પાણીને લઈને મોરચો અને રેલી કરી ત્યારે આજે જોરદાર તંગ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. રેલીમાં ઘર્ષણ સર્જાયું હતું. વણસી ગયેલી સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની અને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી જેના કારણે અનેક ખેડૂતોને નજીવી ઈજા પણ થઈ હતી. ખેડૂતો અને પોલીસ વચ્ચે સંઘર્ષમાં ૫૦ જેટલા ખેડૂતોની અટકાયત પણ કરવામાં આવી હતી. તીવ્ર વિરોધ પ્રદર્શનના દોરમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. પરવાનગી વિના રેલી યોજવા બદલ પોલીસ દ્વારા આગેવાનોની અટકાયત કરીને રેલીને અટકાવવાનો પ્રયાસ કરાયો હતો. જેના કારણે ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. જેના લીધે પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં અમદાવાદ રૂરલ પોલીસના એસપી આરવી અસારીને ઈજાઓ પહોંચી હતી. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના ઉપરદળ, ઝાંપ, અણીયારી, વનાળીયા, જેતપુર, થુલેટા, કીશોલ, રેથલ, વાસણા, નાનોદરા, મેટાલ, દેવ ધોલેરા ગામોનો અંગ્રેજ શાસન દરમિયાન પણ ફતેવાડી સિંચાઈ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો હતો. પરંતુ આશરે ૨૦૦ વર્ષથી અત્યાર સુધીની સરકારે આ ગામોના હિતમાં સિંચાઈ માટે પાણીની કોઈ જ વ્યવસ્થા કે આયોજન કર્યું નથી. એટલુ જ નહી આ વિસ્તારના કેટલાય ગામોમાં નર્મદાની કેનાલ યોજનાનો લાભ જ નથી મળતો. આ વિસ્તારમાં સિચાઈના પાણીના અભાવે સ્થાનિક ખેડુતો ખેતી કરી શકતા નથી અને પ્રવર્તમાન મોંઘવારીના સમયમાં દેવાદાર અને ભુખમરાનો સામનો કરી રહ્યા છે. પાણીના અભાવે પોતાની ખેતીલાયક જમીનો વેચીને શહેરી વિસ્તારમાં મંજુરી કરવા મજબુર બન્યા છે. આ વિસ્તારમાં નર્મદા કેનાલનું આયોજન કરીને સિંચાઈ માટે પુરતુ પાણી મળી રહે તે માટે સ્થાનિક ખેડુતોએ વિસ્તારના આગેવાનો સાથે મળીને સરકાર સમક્ષ અનેક વખત રજુઆત કરી છે. પરંતુ સરકાર દ્વારા આ દિશામાં કોઈ નક્કર પગલા નહી લેવાતા તેમજ ખેડુતોની રજુઆત અંગે ખોટી અફવા ફેલાવીને આ માંગણીને નિષ્ફળ બનાવવાનો પુરો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જેના અંતર્ગત આ વિસ્તારના ખેડુતોમાં રાજય સરકાર પ્રત્યે ભારે અસંતોષ છે. આ ખેડુતોની સિંચાઈના પાણીની માંગણીને વાચા મળે તે માટે તેમજ તેમને થઈ રહેલા અન્યાય સંદર્ભે આજે તા. ૧૪.૨.૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૮ વાગે અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અધિકાર રેલીમાં અંદાજે ૨૫૦૦થી ખેડુતો ટ્રેક્ટર સહિતના વાહનો લઈને જોડાયા હતા. આ રેલી માટે પોલીસની પરવાનગી લેવામાં આવી ન હતી. જેથી પોલીસ દ્વારા આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. ત્યાર બાદ બપોરે ૧૨ વાગ્યા આસપાસ વિંછીયા ગામ પાસે પોલીસે રેલીને અટકાવવાનો પ્રયાસ કરતા ખેડુતોમાં નારાજગી પ્રસરી હતી. જેના લીધે આ રેલીમાં જોડાયેલા ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ ઉદભવી હતી. આ દરમિયાન કોઈના દ્વારા પથ્થરમારો થતા અમદાવાદ ગ્રામ્યના જીલ્લા પોલીસ વડા આરવી અસારીને માથાના ભાગે પથ્થર વાગતા તેમને ઈજાઓ પહોંચી હતી. જેના કારણે વિફરેલી પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

### સરકાર યુવાનો અને ખેડૂત વિરોધી બની : હાર્દિક પટેલ

સાણંદમાં ખેડૂતો ઉપર કરવામાં આવેલા લાઠીચાર્જના મુદ્દે પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલે પણ નારાજગી વ્યક્ત કરી છે અને પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, આના પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે, સરકાર યુવાનો અને ખેડૂત વિરોધી છે. હક માંગવા આવેલા લોકોને દબાવી દેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્યાચાર કરવો ભાજપની માનસિકતા બની ગઈ છે. આવનાર દિવસોમાં ખેડૂત સમુદાય યોગ્ય નિર્ણય લઈને ભાજપને બોધપાઠ ભણાવશે. એસપીજીના પ્રવક્તાનું કહેવું છે કે, ભાજપ સરકારની દમણકારી નીતિ ફરી સપાટી ઉપર આવી છે. સત્તાના જોરે જનતાના પ્રશ્નોને દબાવી દેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ પણ સાણંદમાં ખેડૂતો ઉપર કરવામાં આવેલા અત્યાચારને વખોડી કાઢીને આની ટીકા કરી છે. એએપીનું કહેવું છે કે, ગુજરાતમાં પોતાની સત્તા જતી ભાજપને દેખાઈ રહી છે જેથી આવું વલણ કરાઈ રહ્યું છે.



અંગારિકા ચોથના પ્રસંગે ભદ્ર ખાતે આવેલા ગણેશ ભગવાનના મંદિરમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

## કોંગ્રેસ પાર્ટી રાજકીય રોટલા શેકવાના પ્રયાસમાં છે : પંડ્યા

અમદાવાદ, તા.૧૪

કોંગ્રેસના નેતાઓ દ્વારા ઉચ્ચારવામાં આવેલ અશોભનીય બેફામ જુઠ્ઠાણાઓને સખ્ત શબ્દોમાં વખોડી નાખતાં પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, નલીયા, કચ્છની ખુબ શરમજનક ઘટના છે અને તેની સામે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભાજપ સરકારે કડક એકશન લીધા છે.

એક સિવાય તમામ આરોપીઓ પકડાઈ ગયા છે. ૧૨ થી ૧૪ દિવસનાં રીમાન્ડ મળ્યાં છે અને કોઈપણ ચરમબંધીને છોડવામાં નહી આવે તે માટે સરકાર કટીબદ્ધ છે. ભાજપ સરકાર પીડિતાને ન્યાય અપાવવા અને આરોપીઓને કડકમાં કડક સજા આપવા સતત પ્રયત્નશીલ છે પરંતુ કોંગ્રેસ આ ઘટનાને રાજકીય વિવાદમાં ઢસડી જઈને રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ કરે છે તે નિંદનીય છે.

કોંગ્રેસ પાસે કોઈ હકારાત્મક મુદ્દા નથી તેથી કોંગ્રેસ વાદ વિવાદ અને વેરઝેર ઉભા કરવાના પ્રયાસ કરે છે, તે ગુજરાતની પ્રજા જાણી ચુકી છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, કચ્છ અને ગુજરાતને એવા અભદ્ર શબ્દો દ્વારા જોડીને વિપક્ષના નેતાએ હદની હદ વટાવી દીધી છે. કોંગ્રેસે આ ઘટનામાં કચ્છને, સમગ્ર ગુજરાતને ખરાબ શબ્દો સાથે સરખાવીને ગુજરાત અને ગુજરાતની અસ્મિતા, સંસ્કારીતાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસના અશોભનીય અને નિમ્નસ્તરના નિવેદનથી ગુજરાતનું અપમાન થયું છે. ભાજપ અને ગુજરાત ક્યારેય આ પ્રકારનાં અપમાનને સાંખી લેશે નહીં. મારી પાસે ડઝનેક મંત્રીઓની સીડી છે તેવાં વિપક્ષના નેતાના નિવેદનને પડકારતા ભાજપનાં પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, તેમની પાસે કોઈપણ પુરાવા હોય તો જાહેર કરે. કોંગ્રેસ માત્રને માત્ર હવામાં ગુબ્બારાઓ, જુઠ્ઠા આક્ષેપો અને અફવાઓ ફેલાવવાના પ્રયાસો કરી રહી છે.

કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં એકતા, શાંતિ અને વિકાસનું વાતાવરણ બગાડવા માટે રાજકીય જુઠ્ઠાણાઓ ફેલાવવા, મીડિયામાં ચમકવા અને પ્રજાને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કરે છે. અફવા, અશાંતિ અને અરાજકતા ફેલાવવાના કોંગ્રેસના કુપ્રયાસોને ગુજરાતની જનતા ક્યારેય સફળ થવા દેશે નહીં.



ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી અમદાવાદ શહેરમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા પહોંચ્યા હતા.

## ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન અને મોનીટરીંગ કમિટીની બેઠક યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ખાતે ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમીટીની બેઠક મહેસાણાના સંસદ સભ્ય અને કો-ચેરમેન જયશ્રીબેન પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી

જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર તથા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણ પટેલની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં કેન્દ્ર પુરસ્કૃત અને રાજ્ય સરકારની ૨૮ જેટલી વિવિધ યોજનાઓ અંગે ગાંધીનગર જિલ્લામાં હાંસલ કરેલ સિદ્ધિઓ અંગે પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ સિટી મિશન, દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામ, દિન દયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, નેશનલ હેલ્થ મિશન, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના તથા ડિજીટલ ઈન્ડિયા સહિતની વિવિધ યોજનાઓની સિદ્ધિઓ અંગે સંબંધિત અધિકારીઓએ વિસ્તૃત માહિતી પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ઘનશ્યામ બ્રહ્મભટ્ટે બેઠકનું સંચાલન કર્યું હતું. બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર સહિત નગરપાલિકાના પ્રમુખ તથા તાલુકા પંચાયતના પ્રમુખો દ્વારા વિકાસકામો અંગે વિવિધ સૂચનો કર્યા હતા. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એચ.એમ. જાડેજા, નાયબ મ્યુનિસીપલ કમિશનર બારૈયા સહિત પદાધિકારીઓ તથા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભયજનક આવાસોનો...

(આઠમા પાનાનું અનુ.)

પ્રોજેકટનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. પરંતુ સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના મકાનો હજુ પણ ભયજનક હાલતમાં છે. આ પૈકી તંત્રના અભ્યાસના અંતે ધ્યાનમાં આવતા સરકારી આવાસો તબક્કાવાર તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. થોડ સમય અગાઉ જ સે-૬ અને ૭માં આવા ભયજનક આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે હાલ સે-૧૭ માં પણ જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જો કે સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસોને રીનોવેશન કરવાનુ પણ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ હાલની સ્થિતિએ મોટાભાગના આવાસો રહેણાંકને લાયક ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે હજુ પણ ભયજનક આવાસોના લીધે આમ નાગરિકોના માથે સલામત છત ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.જો કે માર્ગ મકાન વિભાગ દ્વારા નવા સરકારી આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે બીજીતરફ સરકારી આવાસો મામલે યોગ્ય અભ્યાસ હાથ ધરવા માટે પણ તબક્કાવાર સર્વે કરવામાં આવી રહયો છે. જેમાં રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક ભાસતા આવાસોનો રીપોર્ટ તૈયાર કરી જોખમી આવાસો ધ્યાને આવે તેવા કિસ્સામાં મંજુરીના અંતે તોડી નાંખવામાં આવશે.

### બોર્ડની પરીક્ષાઓ પહેલાં... (આઠમા પાનાનું અનુ.)

આખરી તૈયારીમાં લાગી ગયા છે. પરીક્ષાને અનુલક્ષી બોર્ડ પરીક્ષાર્થીઓ રીવીઝન વર્ક તેમજ વાંચનમાં જોતરાયેલા જોવા મળે છે. જયારે શિક્ષણતંત્રએ પણ પરીક્ષાના સફળ અને પારદર્શક આયોજન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. બાર્ડની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષાના તમામ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવે છે. જેના આધારે ફુટેજની ચકાસણી કરી કોપી કેસ અંગે પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી સી સી ટી વીના ફુટેજ પણ ચકાસવામાં આવી રહયા છે. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ શાળાઓને સી સી ટી વી કેમેરા લગાવી દેવા સુચના આપવામાં આવી છે. ગાંધીગનર જિલ્લામાં મોટાભાગની શાળાઓમાં કેમેરાની વ્યવસ્થા ઉપલબ્ધ છે. જો કે માણસા તાલુકાની ચાર શાળાઓમાં સી સી ટી વી કેમેરાની સુવિધાનો અભાવ છે. આ મામલે પણ ડી ઈ ઓ દ્વારા શાળાના સંચાલકોને સુચના આપી દેવાઈ છે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

એટેચી મુકી એ ધબ્બ દઈને બેસી ગઈ. બિલકુલ તેની સામે જ મારી બર્થ હતી. ખૂબ જ નજીક, મને ત્યાં બેસતો જોઈ તેના ચહેરા પર સ્મિત વેરાયું.

ગમે તેમ મારી મુસાફરી સારી રહેશે. કંઈ મુશ્કેલી પડશે નહીં. તમારા જેવા સહયાત્રીને કારણે મારી ચિંતા મટી ગઈ. ઘરેથી નીકળતાં મમ્મીને બહુ ચિંતા થતી હતી. રાતનો સમય અને હું એકલી ! ક્યાંક હું એકલી જાઉં તો તેને ખૂબ બીક રહેતી. તમને ખબર છે ભણવા જતી ત્યારે પણ મને એ એકલી ન મોકલતી. અમારી શેરીની એક છોકરીનો સંગાથ કરાવી આપેલો. અમે બંને એક જ રીક્ષામાં સાથે કૉલેજ જતાં. તેમનું એ જ વર્તન હજું પણ છે. સંજયને તેણે ફોન કર્યો હતો. તેમણે મને આજે લઈ જવાનું કહેલું, પણ આવી શક્યા નહીં. કંઈક અગત્યનું કામ આવી ગયું. તે સુરત જતા રહ્યા. તમે કયારેય સુરત ગયા છો?

મારા મુખે અચાનક નીકળી ગયું, ના.

તેની બંને આંખો આશ્ચર્યથી વિસ્ફારીત થઈ ગઈ. અને બીજી જ પળે તેણે કહ્યું, 'તમે કયારેય ગયા નથી. પણ હું એકવાર પ્રવાસમાં ગયેલી. તેના જેવું બીજું સુંદર શહેર નહીં હોય.'

આપણા અમદાવાદની તો વાત જ શું કરવી. વચ્ચોવચ્ચ નદી છે. જીવન કેવું? જરાક વરસાદ થતાં જ ચારેબાજુ પાણી જ પાણી. સંજય ને આ શહેર બિલકુલ ગમતું નથી.

તે યુવતી બિલકુલ ખોટું બોલતી ન હતી. તેના અનુભવની સાથે મારા અનુભવના મળતા પણાની વાતને મનોમન સ્વીકારી લીધી. તે વાત મને મિતા પર ગુસ્સો પણ આવ્યો. તે કયારેય મારી વાત આસાનીથી સમજતી નહોતી. સુરત જઈને રહેવાનું ઘણીવાર કહ્યું પણ તે બિલકુલ સંમત થતી નહીં. પણ મને કહેતી સુરત બિલકુલ ઘર જેવું લાગતું નથી. એમ લાગે જાણે ભાડાના ઘરમાં રહેતા હોઈએ. કયાંય આત્મીયતા જોવા નથી મળતી. જાણે બધું પરાયું ન હોય.

મિતાની વાત સાંભળી તેને ચીડવતા હું કહેતો. અમદાવાદ બિલકુલ તારા જેવું છે. માથે પાલવ ઓઢીને સેંથો પુરેલ એક વહું જેવું.

'શું વિચાર કરો છો ? કદાચ તમારી પત્ની વિષે ખરું' મેં ચોકીને તેની તરફ જોયું. તે હસી પડી. તેનો ચહેરો જરા અભિભૂત લાગ્યો. ત્યારે એટેચીમાંથી એક ટુવાલ કાઢી તે પોતાના ભીના વાળ લૂંછતી હતી.

મેં હસીને કહ્યું એ પડછાયાની જેમ મારી સાથે હોય છે. તેના વિશે હું વિચારતો નથી. એ મારા મનમાં ઘુંસી જ આવે છે.

સંજય પણ હંમેશા એવું જ કહે છે. બહાર જાય ત્યારે મને મીસ કરે છે તેથી રોજ મને લેટનાઈટ ફોન કરે છે. કાલે રાત્રે પણ તેમને સુરતથી મને ફોન કર્યો હતો.

તે યુવતી મારી સાથે બેસી એ રીતે મને બધું કહેતી હતી જાણે ખુબ જરૂરી અને સ્વાભાવિત વાતો કરતી હોય. નદીને સમાંતર જાણે રિવરફ્રન્ટનો રસ્તો. ખુબ જ જાણીતો. આંખ મીંચીને પણ નદીએ પહોંચી શકાય.

હું આ આ બધું વિચારતો હતો તે સાથે એનું વજનદાર ભાવ મારા મન અને દેહમાં સંચરી રહ્યો હતો. જેના કારણે અંદર અને બહાર બેચેની લાગતી હતી.

'લ્યો, માથું લૂંછી નાંખો, નહીં તો શરદી થઈ જતાં વાર નહીં લાગે.'

તેનો 'વેલેન્ટાઈન ડે'નો વ્હાલભર્યો મેસેજ વોટ્સએપમાં એન્ડ્રોઈડ ફોનના ટચ સ્ક્રીન પર ચમકતાં આખી ઘટના નજર સામે તરવરી રહી.

vanvihari@gmail.com

### યુપીમાં આજે.... (અનુ. સાતમા પાને)

રામપુર, બરેલી, અમરોહા, પીલીભીંત, ખેરી, શહાજહાનપુર, બદાયુનો સમાવેશ થાય છે. ૬૭ બેઠકો ઉપર સમાજવાદી પાર્ટીની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગેલી છે. વર્ષ ૨૦૧૨માં સમાજવાદી પાર્ટીએ ૩૪ બેઠક જીતી હતી. જ્યારે બહુજન સમાજ પાર્ટીએ ૧૮, ભાજપે ૧૦, કોંગ્રેસે ત્રણ અને અન્યોને બે બેઠકો મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધન તરફથી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી આક્રમક પ્રચાર કરી ચુક્યા છે. સંબંધિત પાર્ટીઓને જીત અપાવવા માટે સ્ટાર પ્રચારકો મેદાનમાં હતા. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી પણ એક પછી એક રેલીઓ યોજીઓ યોજી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે આક્રમક રેલી લખીમપુરખીરીમાં યોજી હતી. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં કૃષિના મહત્વને ધ્યાનમાં લઈને વડાપ્રધાન મોદીએ ગરીબ અને ખેડૂતલક્ષી નીતિ અપનાવી હતી અને નાના અને મધ્યમ ખેડૂતોની લોન માફી યોજનાની વાત કરી હતી. સત્તા ઉપર આવવાની સ્થિતિમાં ૧૪ દિવસના ગાળામાં જ શેરડીના ખેડૂતોના દેવાને ચુકવી દેવાની પણ વાત કરી હતી. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં શાંતિપૂર્ણરીતે ૬૩ ટકાથી વધુ મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની છેલ્લી બે ચૂંટણીમાં જે મતદાન થયું હતું તેની સરખામણીમાં ઉત્તરપ્રદેશમાં પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું તમામ રાજકીય પક્ષો બીજા તબક્કાના મતદાનને લઈને કમર કસી ચુક્યા છે.

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી,**
ગાંધીનગર C/o પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ટેલી. ૦૭૯-૨૩૨૨૨૦૯૬, www.gpcb.gov.in

**જાહેર નિવિદા**

આથી બોર્ડની ઉપરોક્ત સરનામેથી કાર્યરત પ્રાદેશિક કચેરી, ગાંધીનગરને કચેરીના કામ માટે ટેક્ષી પાસીંગ પેસેન્જર વાહન ભાડે મેળવવા માટેના ભાવ ફક્ત અધિકૃત ટ્રાવેલ્સ એજન્સીને અગ્રીમતા આપવામાં આવશે. આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ સદર કચેરી ખાતેથી તા. ૨૦-૦૨-૨૦૧૭ થી ૨૩-૦૨-૨૦૧૭ સુધીમાં રૂ. ૧૫૦/- (અંકે રૂપિયા એકસો પચાસ પૂરા) રોકડા ભરવાથી મળી શકશે તેમજ તમામ વિગતો સાથે ભરેલા ફોરમ ઉપરોક્ત સરનામે તા. ૦૬-૦૩-૨૦૧૭ના રોજ સાંજના ૪.૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે અને મળેલ ટેન્ડર તા. ૦૮-૦૩-૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૫-૨-૨૦૧૭

ડી. સી. વંકાણી
પ્રાદેશિક અધિકારી

માહિતી/૨૭૨૩/૧૬-૧૭

KALPA-TARU®

**KALPATARU POWER TRANSMISSION LIMITED**
Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Unaudited Standalone Financial Results for the Quarter/ Nine Months ended 31st December, 2016**

(₹ in Lacs)

| Sr. No. | Particulars | Quarter ended 31-12-2016 | Nine months ended 31-12-2016 | Quarter ended 31-12-2015 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 1,15,758 | 3,48,820 | 89,860 |
| 2 | Net Profit for the period before tax | 8,714 | 27,418 | 5,573 |
| 3 | Net Profit for the period after tax (after extraordinary items) | 5,714 | 17,948 | 3,630 |
| 4 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 4,712 | 18,191 | 2,831 |
| 5 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 6 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | | |
| | a) Basic | 3.72 | 11.70 | 2.37 |
| | b) Diluted | 3.72 | 11.70 | 2.37 |

Notes:
1 The above is an extract of the detailed format of unaudited quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The Company has adopted Indian Accounting Standards (Ind AS) from 1st April, 2016. The figures for the quarter/ nine months ended 31st December, 2015 have been restated to comply with Ind AS and are comparable on like to like basis. Due to this change, net profit for the quarter and nine months ended 31st December, 2015 is lower by ₹ 181 lakhs and ₹ 73 lakhs respectively.
3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 14th February, 2017. The Statutory Auditors of the Company have carried out a Limited Review of the above financial results.
4 The previous period's figures have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
For KALPATARU POWER TRANSMISSION LTD.

Place : Mumbai
Date : 14th February, 2017

Manish Mohnot
Managing Director
DIN : 01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.